GUJARAT VIDYAPITH KRISHI VIGYAN KENDRA
AMBHETI, DIST.– VALSAD (GUJARAT)

# NEWSLETTER

JULY-DEC, 2015

Number 8



*My life is My Message*

**PATRON**

Dr R. A. Khimani

**Chief Editor**

Dr R. F. Thakor

Programme Coordinator

**Editorial Team**

Shri K. A. Patel

Shri A. R. Patel

Shri L. T .Kapur

Shri M. M. Gajjar

**Support**

Dr. B. M. Patel

Shri P. J. Joshi

Smt P. R. Ahir

Shri P. R. Patel

**Half Yearly Newsletter Published by**

**Gujarat Vidyapith**
**KRISHI VIGYAN KENDRA**
**AMBHETI –396 191**
**Dist. Valsad (Gujarat)**
**Phone No. :02633-260055**
**E-mail: kvkvalsad@gmail.com**
**Website : www.kvkvalsad.org**

## World Soil Day and Pre Rabi Kisan Sammelan

World Soil Day was celebrated at KVK on 5th December as a part of International Year of Soil 2015. About 300 farmers from different villages were participated in this Pre– Rabi Kisan Sammelan. Dr. K. C. Patel, Hon. MP of Valsad made aware the farmers to reduce the use of costly chemical fertilizers and to follow integrated nutrient management for soil health improvement. Shri Jitubhai Chaudhary, Hon. MLA, Kaprada encouraged the farmers to take advantage of soil & water testing laboratory of KVK. On this occasion, 250 soil health cards of soil samples analyzed by KVK were distributed.




As a part of Pre-Rabi Kisan Sammelan, a seminar on high tech mango production technology was organized at R. R. Farm of Shri Rajesh Shah at Biliya village of Umargam block. About 500 farmers were participated in it. The technical guidance on problems faced by mango growers were given by scientists from Navsari Agricultual University viz., Dr. B. N. Patel, Dr. Patil, Dr. Tandel and Dr. D. K. Sharma as well as Dr. Thakor and Shri K.A.Patel from KVK. On this occasion, Shri Nirmal Yadav, Shri Vinodbhai Desai, Shri Harshad Katariya and Shri Harshad Nayak also provided useful guidance to the farmers.



## વિશ્વ જમીન દિવસ અને પ્રી–રબી ખેડૂત સંમેલન

ભારત સરકારના જમીન સ્વાસ્થ્ય અંગેના જાગૃતિ અભિયાન અંતર્ગત આંતરરાષ્ટ્રીય જમીન વર્ષ ૨૦૧૫ તથા વિશ્વ જમીન દિવસની ઉજવણીના ભાગરૂપે ૫ મી ડીસેમ્બરના રોજ કૃષિ વિજ્ઞાન કેન્દ્ર ખાતે યોજાયેલ પ્રિ રબી ખેડુત સંમેલનમાં જુદા જુદા ગામોના ૩૦૦ ખેડુતોએ ભાગ લીધેલ. આ કાર્યક્રમમાં ઉપસ્થિત વલસાડના માનનીય સંસદ સભ્ય ડો. કે.સી.પટેલે રાસાયણિક ખાતરોની આડઅસર નિવારવા સંકલિત ખાતર વ્યવસ્થા અપનાવી જમીન સ્વાસ્થ્ય અંગે જાગૃત રહેવા ખેડુતોને અનુરોધ કર્યો હતો. કપરાડા વિસ્તારના ધારાસભ્ય શ્રી જીતુભાઈ ચૌધરીએ ખેડુતોને કેન્દ્ર ખાતે ઉપલબ્ધ જમીન ચકાસણી પ્રયોગશાળાનો લાભ લઈ રાસાયણિક ખાતરનો ખર્ચ ઘટાડીને ખેતીને નફાકારક બનાવવા આગ્રહ કર્યો હતો. આ પ્રસંગે કેન્દ્ર દ્વારા પૃથ્થકરણ કરવામાં આવેલ જમીનના ૨૫૦ નમૂનાઓના સોઈલ હેલ્થ કાર્ડનુ વિતરણ મહેમાનોના હસ્તે કરવામાં આવેલ તથા તેના ઉપયોગ અંગે કેન્દ્રના તજજ્ઞશ્રી લલિત કપુર દ્વારા વિસ્તૃત સમજ આપવામાં આવેલ.

પ્રિ–રબી ખેડુત સંમેલન અંતર્ગત ઉમરગામ તાલુકાના બીલીયા ગામે શ્રી રાજેશભાઈ શાહના ફાર્મ ખાતે કેન્દ્ર દ્વારા હાઈટેક મેન્ગો પ્રોડકશન ટેકનોલોજી અંગે તા. ૨૧.૧૨.૨૦૧૫ ના રોજ ખેડુત શિબીર યોજવામાં આવેલ જેમાં દક્ષિણ ગુજરાતના ૫૦૦ જેટલા ખેડુતોએ ભાગ લીધો હતો. નવસારી કૃષિ યુનિવસીટીના વૈજ્ઞાનિકો ડૉ. બી.એન. પટેલ, ડૉ. સાગર પાટીલ, ડૉ. ટેડેલ, અને ડૉ. ડી.કે. શર્મા તથા કે.વી.કે ના નિયામક ડૉ. ઠાકોર અને શ્રી કમલેશ પટેલ દ્વારા ખેડુતોના પ્રશ્નોનું નિરાકરણ કરી તાંત્રિક માર્ગદર્શન આપવામાં આવેલ. આ પ્રસંગે મહાનુભાવો શ્રી નિર્મલભાઈ યાદવ, શ્રી વિનોદભાઈ દેસાઈ, શ્રી હર્ષદભાઈ કટારીયા, શ્રી હર્ષદભાઈ નાયક વગેરેએ ઉપસ્થિત રહી ખેડુતોને ઉપયોગી માર્ગદર્શન પુરૂ પાડયુ હતુ.

**કિસાન કોલ સેન્ટર ૧૫૫૧ અથવા ટોલ ફ્રી નંબર ૧૮૦૦૧૮૦૧૫૫૧**

## Major Events

### Pre Kharif Kisan Sammelan

Pre Kharif Kisan Sammelan was organized at Arnala village of Pardi block on 5th July in which more than 450 farmers of Goima (Sansad Adarsh Gram), Arnala and surrounding villages were participated. A small exhibition was also arranged. Mr. Naranbhai Patel, Member of district panchayat and Sarpanchs of nearby villages were remained present. Dr. Nitin Shah, scientist from NAU and scientists of KVK guided farmers about production technologies of kharif crops.





Kisan sammelan was also arranged in Varoli village of Kaprada block on 10th July in which about 115 farmers were guided about production technologies of kharif crops.

### Jai Kisan Jai Vigyan Week

Jai Kisan Jai Vigyan week was celebrated during 23-29th, December. A Kisan Gosthi was organized at Sansad Adarsh Gram- Goima in which about 115 cattle owners were guided by scientists of KVK. Apart from this various programmes were arranged in Amdha, Khuntali, Mendha and Varoli villages. In all about 337 farmers were participated.



### ICAR Foundation Day

ICAR foundation day was celebrated on 16th July 2015 at Sadadvera village of Dharampur block in which 75 farmers were participated. The significant achievements of ICAR were highlighted by KVK Scientists.



### Seminar on Paddy

Two seminars on paddy production technologies were organized on 24th Sep. at KVK and on 30th Sep. at Ozarda village of Kaprada block. About 225 farmers were participated. The farmers were guided on different aspects of paddy cultivation by Shri M.M. Gajjar, SMS of KVK. The farmers visited the varietal demo plot of paddy at instructional farm of KVK.



## ખાસ કાર્યક્રમોની ઝલક

### પ્રિ ખરીફ ખેડુત સંમેલન

પ્રિ ખરીફ ખેડુત સંમેલન કાર્યક્રમના ભાગરૂપે પારડી તાલુકાના અરનાલા ગામે ૫ જુલાઈના રોજ ખેડુત સંમેલન તથા કૃષિ પ્રદર્શન ગોઠવવામાં આવેલ જેમા સાંસદ આદર્શ ગામ – ગોઈમા, અરનાલા તેમજ આજુબાજુના ગામોના કુલ ૪૫૦ ખેડુતોએ ભાગ લીધેલ. જીલ્લા પંચાયત સદસ્યશ્રી નારણભાઈ તથા આજુબાજુના ગામના સરપંચશ્રીઓ ઉપસ્થિત રહ્યા હતા. નવસારી કૃષિ યુનિવર્સિટી ના વૈજ્ઞાનિક ડો. નિતીન શાહ તથા કે.વી.કે ના તજજ્ઞો દ્વારા મુખ્ય ખરીફ પાકો અંગેની તાંત્રિક માહિતી પુરી પાડવામાં આવી.

૧૦ જુલાઈના રોજ આયોજીત વારોલી ગામે પ્રિ–ખરીફ ખેડુત સંમેલનમાં ઉપસ્થિત ૧૧૫ જેટલા ખેડુતોને ખરીફ પાકોની તાંત્રિકતા વિશે કેન્દ્રના તજજ્ઞો દ્વારા માહિતી આપવામાં આવી.

### જય કિસાન જય વિજ્ઞાન સપ્તાહ

કેન્દ્ર દ્વારા તા. ૨૩ થી ૨૯ ડિસેમ્બર દરમ્યાન જય કિસાન જય વિજ્ઞાન સપ્તાહની ઉજવણી કરવામાં આવી. જે અંર્તગત સાંસદ આદર્શ ગામ ગોઈમા ખાતે આયોજીત કિસાન ગોષ્ઠીમાં ઉપસ્થિત ૧૧૫ પશુપાલકોને કેન્દ્રના તજજ્ઞો દ્વારા માર્ગદર્શન આપવામાં આવેલ. આ ઉપરાંત આમધા, ખુટલી, મેણઘા અને વરોલી ગામે વિવિધ કાર્યક્રમો ગોઠવવામાં આવેલ જેમાં અંદાજે ૩૩૭ ખેડુતોએ ભાગ લીધેલ.

### આઇ.સી.એ.આર સ્થાપના દિવસ

૧૬ જુલાઈના રોજ આઈ.સી.એ.આર સ્થાપના દિવસની ઉજવણી ધરમપુર તાલુકાના સાદડવેરા ગામે કરવામાં આવી. જેમાં ૭૫ જેટલા ખેડુતોને આઈ.સી.એ આર દ્વારા થતી કામગીરીથી વાકેફ કર્યા અને મુંઝવતા પ્રશ્નોનું નિરાકરણ કરવામાં આવ્યું.

### ડાંગર પાક પરિસંવાદ

ડાંગર પાકની તાંત્રિકતાઓથી ખેડુતો વાકેફ થાય તે હેતુથી કેવીકે ખાતે તા. ૨૪ સપ્ટેમ્બર અને કપરાડા તાલુકાના ઓઝરડા ગામે તા. ૩૦ સપ્ટે. ના રોજ પરિસંવાદો ગોઠવવામાં આવ્યા. જેમાં અંદાજે ૨૨૫ જેટલા ખેડુતોએ ભાગ લીધો. કેન્દ્રના તજજ્ઞ શ્રી મિતેષ ગજજર દ્વારા ખેડુતોને ડાંગર પાકની વિવિધ તાંત્રિકતાઓ વિશે માર્ગદર્શન આપવામાં આવ્યું. ખેડુતોએ કેવીકે ફાર્મ ખાતે આવેલ ડાંગરની વિવિધ જાતોના નિદર્શન પ્લોટની મુલાકાત લઈ પ્રતિભાવ રજુ કર્યા હતા.

## Seminar on Pulse Crop :

Seminar on pulse crop production technologies was organized on 16-10-15 at KVK in which 57 farmers were participated. Detail discussion was held on varieties and cultivation practices of crops viz., pigeonpea, indianbean, gram and greengram.



## કઠોળ પાક પરિસંવાદ

કૃષિ વિજ્ઞાન કેન્દ્ર ખાતે તા. ૧૬-૧૦-૧૫ ના રોજ કઠોળ પાક પરિસંવાદનું આયોજન કરવામાં આવેલ. જેમાં કુલ ૫૭ ખેડુતોએ ભાગ લીધેલ. કઠોળ પાકની અગત્યતા તથા તુવર, વાલ, ચણા, મગ વગેરે પાકોની વિવિધ જાતો અને ખેતી પધ્ધતિ વિશે વિસ્તૃત સમજ આવપામાં આવી.

## Mera Gaon Mera Gaurav

As per guideline received from government for concentrate working in a selected village by scientist, the scientists of KVK have adopted Mendha village of Kaprada, Sadadvera of Dharampur, Lakhmapor of Pardi, Ozar of Valsad and Borigam of Umargam block. Various activities are carried out after doing PRA survey.



## મેરા ગાંવ મેરા ગૌરવ

કૃષિ વૈજ્ઞાનિકો ગામડા દત્તક લઈ સઘન કામગીરી હાથ ધરે તે હેતુસર સરકારશ્રીની માર્ગદર્શિકા મુજબ આ કેન્દ્રના તજજ્ઞો દ્વારા કપરાડા તાલુકાના મેણધા, ધરમપુર તાલુકાના સાદડવેરા, પારડી તાલુકાના લખમાપોર, વલસાડ તાલુકાના ઓઝર અને ઉમરગામ તાલુકાના બોરીગામ ગામોને પસંદ કરી સહભાગી ગ્રામીણ ચકાસણી કરી વિવિધ પ્રવૃતિઓ હાથ ધરવામાં આવી.

## Field Day



Field days on Paddy , Nagli and Indian bean were organized at Ashma, Hanmatmal and Varoli village respectively in which about 287 farmers were participated.

આસ્મા ગામે ડાંગર પાક, હનમતમાળ ગામે નાગલી અને વારોલી ગામે વાલ પાક પર ક્ષેત્ર દિન યોજાયેલ જેમાં કુલ ૨૮૭ જેટલા ખેડુતોએ ભાગ લીધેલ.



## Demonstration on Rabi Crop

| Crop<br>પાક | Variety<br>જાત | Area (ha)<br>વિસ્તાર | No. of farmers<br>ખેડુતો | Villages<br>ગામો |
|---|---|---|---|---|
| Pigeon pea<br>તુવર | Vaishali<br>વૈશાલી | 4.00 | 40 | Asma, Ozarda<br>આસ્મા, ઓઝરડા |
| Gram<br>ચણા | GG-2<br>જી.જી-૨ | 14.90 | 128 | Sadadvera, Mendha, Goima, Ozarda, Kherlav<br>સાદડવેરા, મેણધા, ગોઈમા, ઓઝરડા, ખેરલાવ |
| Sweet potato<br>શકકરીયા | Co-3-4<br>કો.-૩-૪ | 2.20 | 22 | Nandgam<br>નાંદગામ |
| Brinjal<br>રીગણ | DPR<br>ડી.પી.આર | 3.00 | 16 | Chival<br>ચીવલ |
| Banana<br>કેળા | G-9<br>જી-૯ | 5.00 | 20 | Vadadha, Ozarda<br>વાડધા, ઓઝરડા |
| Indianbean<br>વાલ | Guj. Val. – 2<br>ગુજ-વાલ-૨ | 2.00 | 40 | Varoli, Kolvera<br>વારોલી, કોલવેરા |
| Green Fodder<br>લીલો ઘાસચારો | Sorghum<br>જુવાર (રસીલા) | 8.00 | 150 | Goima, Ozar, Lakhmapor, Borigam<br>ગોઈમા, ઓઝર, લખમાપોર, બોરીગામ |
| Perennial Grass<br>બહુવર્ષિય ઘાસચારો | Co-4<br>કો-૪ | 5.00 | 345 | Dhodhadkuva, Rohina, Goima, Arnala, Chival<br>ધોધડકુવા, રોહિણા, લખમાપોર, બોરીગામ |

## Training on Azolla Nursery

Two days intensive training on raising of Azolla nursery was organized for extension personnels of VIKSAT, Ahmedabad.



## અઝોલા નર્સરી અંગે તાલીમ

વિકસત સંસ્થા અમદાવાદના વિસ્તરણ કાર્યકરોને અઝોલા ઉત્પાદન અંગેની બે દિવસીય પ્રત્યક્ષ તાલીમ આપવામાં આવી.

## Training to ICDS workers

To overcome the problem of malnutrition in tribal women and children, four training programmes were organized at KVK. About 350 ICDS (Integrated Child Development Scheme) women workers were trained about nutrition management and model of nutritional garden.





## આંગણવાડી કાર્યકર તાલીમ

આદિવાસી મહિલાઓ અને બાળકોના કુપોષણ અંગે જાગૃતતા કેળવાય તે હેતુથી કેવીકે ખાતે સંકલિત બાળ વિકાસ યોજનાના મહિલા કાર્યકરો માટે ચાર તાલીમ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું. જેમાં ૩૫૦ જેટલી બહેનોને આહાર અને પોષણ, તેની ઉણપથી થતા રોગો અને ન્યુટ્રીશનલ ગાર્ડન અંગે સઘન તાલીમ આપવામાં આવી.

## Vocational Training

## વ્યવસાયલક્ષી તાલીમ



Articles making from natural fibres

કુદરતી રેસાની વિવિધ બનાવટો



Fruit & vegetable preservation

ફળ અને શાકભાજી પરિરક્ષણ



Paper cup preparation

પેપર કપ બનાવટ



Imitation Jewelry making

મોતીકામ

## On Farm Testing

Ten On Farm Testing on variety, fertilizer management, disease management and cultivation practices in crops like sweetpotato, paddy, brinjal, fingermillet, chickpea, bittergourd were arranged on 110 farmers field.




## ઓનફાર્મ ટેસ્ટીંગ

ડાંગર, શકકરીયા, રીંગણ, નાગલી, ચણા, કારેલા વગરે પાકોમાં પાકની જાત, ખાતર વ્યવસ્થા, ખેતી પધ્ધતિ તથા રોગ નિયંત્રણ તાંત્રિકતાઓ પર ૧૧૦ ખેડુતોના ખેતરે ૧૦ ઓન ફાર્મ ટેસ્ટીંગ ગોઠવવામાં આવ્યા.

## Other Activities / અન્ય પ્રવૃતિઓ

- The experts of KVK guided the farmers in Rabi Krushi Mahotsav and various activities of ATMA project.
- રબી કૃષિ મહોત્સવ તથા આત્મા પ્રોજેકટના વિવિધ કાર્યક્રમોમાં કેન્દ્રના તજજ્ઞો દ્વારા ખેડુતોને માર્ગદર્શન આપવામાં આવ્યું.
- Seed material of paddy ( 3960 kg), brinjal seedlings ( 1,30,000 no.) and perennial grass ( 1,60,000 tussocks) of improved varieties were supplied to the farmers.
- કેન્દ્રના ફાર્મ પર ડાંગર બિયારણ (૩૯૬૦ કીલો), શાકભાજી (રીંગણના ૧,૩૦,૦૦ ધરૂ) તથા બહુવર્ષાયુ ઘાસચારાના ૧,૬૦,૦૦૦ જડીયા તૈયાર કરી ખેડુતોને પુરા પાડવામાં આવ્યા.

BOOK- POST

To,

______________________

______________________

______________________

______________________

From-
Gujarat Vidyapith
Krishi Vigyan Kendra
Ambheti, Via Vapi
Ta. Kaparada, Dist. Valsad (Guj.) 396 191